નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ઉગે કે ન ઉગે, હું વાવી રહ્યો છું,
ફરજ છે આ મારી, બજાવી રહ્યો છું.

હજી નહિ મળે તમને શાયદ ગઝલમાં,
ધીરે-ધીરે ઉંડાણ લાવી રહ્યો છું.

પ્રહારો ઘણાં પીઠ પાછળ કરે છે,
છતાં હસતાં હસતાં ચલાવી રહ્યો છું.

ઘણી મુદ્દતો બાદ લાગે છે એવું,
કે હું પ્રેમનાં પંથે ફાવી રહ્યો છું.

- નિતેશ ટાંક 'નિત'

પાથેય

- રમેશ ઠક્કર

હસતા જખમ

પ્રેમના પંથ ઉપર ફાવી જવાનું ગણિત આગવું હોય છે..આપણે ફાવવાની ઘટનાને શું મળ્યું કે શું ગુમાવ્યું એ બંને રેખાઓ વચ્ચે તોડતા રહીએ છીએ.જે રીતે ધરતીમાથી કોઇ તરણું ફૂટે છે એમ જ કોઇક માટેનો પ્રેમ પણ પ્રગટતો હોય છે...એ માટે આસ્થાવાન હોવું જરૂરી છે..આપણી ફરજ સતત કોઇ બીજ ધરતીમાં વાવી એની માવજત કરતા રહેવાની છે.એ ઉગે કે ના ઉગે એવો સંદેહ એમાં રાખવા જેવો હોતો નથી.

કોઇપણ કૃતિ એના શબ્દો લય કે ઝડઝમકથી નથી ઓળખાતી..ગઝલ લખનાર સતત મહાવરો કરે તો એના મીટરનું મિકેનિઝમ જાણી શકે..છંદોમાં નિપુણતા પ્રાપ્ત કરી શકે..આ બધો વૈભવ એના બાહ્ય દેહ જેવો હોય છે..જ્યાં સુધી એમાં ઉંડાણ ના પ્રગટે ત્યાં સુધી કોઇપણ ગઝલ ભાવકને સ્પર્શી શકતી નથી.આ ઉંડાણ રાતોરાત નથી આવતું.એ ધીરજનો ઉપહાર હોય છે.

ચાલનાર એકધારું સામે જોઈને જ ચાલતો રહે છે.આપણી પાછળ જે ચાલતું હોય છે એ પણ રસપ્રદ હોય છે..પીઠ પાછળ થતા ઘાવ જો આપણી ગતિને અટકાવે તો આપણું ચાલવું વ્યર્થ. અનેક પ્રહારો આપણી પાછળ થતા ઘા કે છેહ જાણવા છતાં હસતાં હસતાં ચાલતા રહેવું એ કોઇ નાનીસૂની વાત હોતી નથી..કોઇ કવિ કે ફિલસૂફ જ આવો મિજાજ દાખવી શકે..હસતા જખમો સાથે જીવતા રહેવામાં જ ઘણીવાર સાચો જીવનરસ ટપકતો હોય છે..

કોઇની લાગણી એમ સહજ મળી જતી નથી..એને સહરાની તરસથી ઝંખવી પડે છે..એ માટેનો તલસાટ હોય છે..એ રાતોરાત મળી જાય એવી સસ્તી ચીજ નથી..વસ્તુ અમૂલખ હોય એ અનેક મુદતો પછી મળે છે..એના માટેનો લગન હોય..ફનાગીરી હોય..આસ્થા હોય અને રાહ જોવાની તૈયારી હોય ત્યારે જ કોઇકનો પ્રેમ કે સાનિધ્ય પ્રાપ્ત થાય છે..ઘણી મુદતો પછી માણસ આહિસ્તા આહિસ્તા એવું અનુભવી શકે કે હવે આપણે કોઇક સ્વીકૃતિ પ્રાપ્ત કરી રહયા છીએ..મહેંદીની માફક મહોબ્બત પણ ધીમે ધીમે રંગ લાવતી હોય છે..!

કોંગ્રેસનું 'ઓવરહોલિંગ' - કાયાકલ્પનો વ્યાયામ

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસને છેક તળિયું દેખાઈ રહ્યું છે છતાં ગાંધી પરિવારનો મોહ છૂટતો નથી. રાહુલ ગાંધીની દાનત શુદ્ધ છે અને એ ૨૦૧૯ની ચૂંટણીમાં થયેલી પાર્ટીના રકાસ પછી સ્વેચ્છાએ પદ છોડીને કોંગ્રેસનું સુકાન કોઈ વધારે સક્ષમ અને અનુભવી આગેવાનને સોંપવા માગતા હતા તે સર્વવિદિત છે. સવાલ સોનિયા ગાંધીની સત્તાપરસ્તીનો છે. રાજીવ ગાંધીને પાઈલટની નોકરી છોડીને વડાપ્રધાન પદ સ્વીકારવાની ફરજ પડાઈ ત્યારથી આ ઈટાલિયન મૂળનાં ભારતીય પુત્રવધૂને સત્તાનો ચસકો લાગ્યો છે. શરૂ શરૂમાં એ રાજકારણથી દૂર રહેવાનો ડોળ કરતાં રહ્યાં પણ પછી તો પડદા પાછળનાં સર્વસત્તાધીશ જ બની રહ્યા. મનમોહનસિંહના બૌદ્ધિક સ્તર વિશે સૌને માન હોય,પણ એમને 'વડાપ્રધાન' બનતાં ન જ આવડ્યું. એ રિમોટ કંટ્રોલથઈ ચાલતું રમકડું બની ગયા હતા. સીતારામ કેસરી જેવા ડાઉન ટુ અર્થ ચુસ્ત કોંગ્રેસમેન પાસેથી પ્રમુખનો હોદ્દો રાતોરાત છીનવી લેવાની ઘટના કેટલી ક્રૂર હતી ! સામાન્ય કોંગ્રેસજન જાણે 'હાઈકમાન્ડ' બની જ ન શકે, એવો મેસેજ એમાંથી નીકળેલો. પી.વી. નરસિંહ રાવ અને પ્રણવ મુખર્જી જેવા વરિષ્ઠ કોંગ્રેસીઓને પણ ગાંધી પરિવારની મહેરબાની પર જ જીવવું પડે એવી કોંગ્રેસની તાસીર જોતાં વારંવાર નરેન્દ્ર મોદીને સરમુખત્યાર ગણાવતા કોંગ્રેસીઓએ એમની પોતાની દયનીય દશા તરફ નજર કરવી ઘટે. ઈંદિરા ગાંધીએ કોંગ્રેસને બીપીકી મિલકત બનાવી દીધી અને આજ પર્યંત એ ગાંધી પરિવારની જ પેઢી બનીને રહી છે. અશોક ગહલોત જેવા નીવડેલા આગેવાન એમના હાઈકમાંડની આરતી ઉતારતાં થાકતા નથી. કપિલ સિબ્બલ અને ગુલામ નબી આઝાદ જેવા આગવાનોને એ પાર્ટી છોડી રોકી શક્યા નથી; એમણે તો અહર્નિશ 'રાહુલ દેવો ભવ'ની જ માળા કર્યે રાખી છે. સોનિયા ગાંધીને પણ જો રાહુલ કોઈ સંજોગોમાં એમનો નિર્ણય ન બદલે તો આવા શુદ્ધ ચમચાની જ જરૂર હતી. શશી થરુર જેવા વિશ્વવ્યાપી ખ્યાતિ ધરાવતા બૌદ્ધિકને એ કયારેક પસંદ નહીં કરે. એટલે હવે જયારે રાહુલ એમની પદયાત્રાએથી ઊડતી મુલાકાતે માતાની સેન્સ લેવા આવી રહ્યા છે. ત્યારે પણ બીજું કોઈ નામ સોનિયા ગાંઠીના હોઠે આવવાનું નથી. અશોક ગહલોત વફાદાર સેવકની જેમ, કહો કે રામાયણના ભરતની જેમ રાહુલની પાદુકાઓને પ્રમુખની ખુરશી પર પધરાવીને વહીવટ કરશે, એવી પ્રતીતિ મા-દીકરા-દીકરીને થઈ ચૂકી છે. એમને વફાદાર રહ્યા છતાં કયારેક લોકસમર્થનની કસોટી પાર નહીં કરી શકેલા દિગ્વિજયસિંહ પણ એમની ડૂબતી નૈયાને કાંઠે પહોંચાડવા ઉત્સુક છે. એ પણ કોંગ્રેસ પ્રમુખ પદની ચૂંટણીમાં ઝુકાવે તેવી શક્યતા છે. 'હિન્દી બેલ્ટ'ના જ નેતા છે, વળી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદે તથા કેન્દ્રીય પ્રધાનમંડળમાં અને સંગઠનમાં પણ સેવાઓ આપી ચૂકેલા છે. રાહુલના તો એ રાજકીય ગુરુ ગણાય છે. પરંતુ અશોક ગહલોત હાલ રાજસ્થાનના મુખ્યમંત્રી હોવા ઉપરાંત સોનિયા રાહુલની વધારે ચાપલૂસી કરનારા મોટા ગજાના નેતા છે. છેલ્લે જયારે એમણે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ડેલિગેટ્સ પાસે આંગળી ઊંચી કરાવીને રાહુલ જ અધ્યપક્ષ સંભાળે એવી દરખાસ્ત સર્વાનુમતે પસાર કરાવી ત્યારે તો હદ થઈ ગઈ હતી. આવા ખુશામતખોર આગેવાન પાસે સુકાન હોય તો દેખીતી રીતે જ પડદા પાછળના પ્રમુખ તો રાહુલ ગાંધી જ રહેશે. અશોક ગહલોત તો માત્ર એમની પગચંપી કરીને એમનો આદેશ બાકીના કોંગ્રેસીઓને વાંચી સંભળાવવાનું જ કામ કરશે. ગહલોતને ખાતરી થઈ ગઈ છે કે તેમને હવે 'હાઈકમાન્ડ' નો આદેશ જ માથે ચડાવવાનો છે. એટલે બીજા હરીફો પણ હોઈ શકે એને તો તેઓ ગણતરીમાં લેતા જ નથી. જયપુરથી કોચ્ચી અને દિલ્હી વચ્ચે ઊડાઊડ કરીને રાહુલ-સોનિયાનો રાજીપો મેળવી શક્ય હોય તો મુખ્યમંત્રી પદ પણ અકબંધ રાખીને કોંગ્રેસનું અધ્યક્ષપદ સ્વીકારવા માગે છે. એમણે કહીજ દીધું કે 'નોમિનેટેડ' પદો પૂરતી જ એક વ્યક્તિ - એક પદ વાળી ઉદયપુર અધિવેશનની ફોર્મ્યુલા નડી શખે. હું તો બેઉ પદો સાચવી શકું કારણ કે બેઉ પદો પર વિધિવત્ ચૂંટાયેલો છું. (ચૂંટાયા પહેલા એ પોતાને સર્વાનુમતે ચૂંટાયેલા જ ગણતા હોય, કારણ કે સોનિયા - રાહુલના ચારે હાથ એમના શિર પર છે.) કોંગ્રેસને પાયામાંથી બેઠી કરવી હોય તો આવી 'કૃપાદૃષ્ટિ' ધરાવતા નેતા કરતાં શશી થરુર જેવા પ્રતિભાશાળી પોતાને તેજે ઊજળા નેતાઓ કરી શખે. જો કે શશી થરુરને હિન્દી બેલ્ટ ભાગ્યે જ સ્વીકારે, એ પણ સાચું. એમના ધારાપ્રવાહ અંગ્રેજી વિશ્વકક્ષાએ જરૂર પોંખાય, ઘર આંગણે એની કોડીની કિંમત નહીં. તદુપરાંત એમણે એક વિવાદાસ્પદ ભૂતકાળ પણ વળગેલો છે. અશોક ગહલોત કોંગ્રેસ પ્રમુખ બન્યા પછી પણ જો પાયલાગણવાળું જ પાત્ર ભજવતા રહેશે તો કોંગ્રેસના કાયાકલ્પની કોઈ શક્યતા નહીં રહે. એથી સચીન પાઈલટ જેવા સક્ષમ યુવા નેતાઓ કદાચ પાર્ટી છોડવાનો વિચાર અત્યાર લગી અમલમાં નથી મૂકી શક્યા તેમનો ભ્રમ પણ ભાંગી શકે. સમય જ પાકો પરીક્ષક છે.

ભક્તિ ન કરો તો પણ ભગત ...

રંગ અને વ્યંગ
અનંત પટેલ

● આપણે સૌ જાણીએ છીએ કે સામાન્ય રીતે જે લોકો ભક્તિ કરતા હોય તેવા લોકોને આપણે ભગત તરીકે ઓળખીએ છીએ, ઘણી વાર બધા એમને ' ભગત ' કહીને જ સંબોધતા હોય છે અને એનો ખાસ એ લોકો કશો વાંધો પણ લેતા નથી. પણ અમોએ ઘણા એવા લોકોને પણ જોયા છે કે જે જેને ને તેને ભગત કહીને જ બોલાવતા હોય છે.

● કેટલાક માણસો એવા પણ હોય છે કે તમે ન તો કશું ભક્તિ વિષયક કામ કર્યું હોય છે, ન એવાં કોઈ કપડાં પહેર્યાં હોય છે કે ન કોઈ માળા કે તિલક ટપકાં પણ કર્યાં હોય તે છતાં તમને એ ભગત કહીને જ બોલાવે કે આવકારો આપે છે.

● તમે એમને ટોકો કે અરે ભાઈ અમે કંઈ ભક્તિ તો કરતા નથી કે કદી ભજન પણ ગાતા નથી તો ય તમે અમને ભગત શું કામ કહો છો તો એ હસીને સામે એવું ય સંભળાવતા હોય છે કે ભાઈ અમે તમને ભગત કહ્યા છે કંઈ ગાળ તો દીધી નથીને !!!!, પછી પાછા અટકીને ઉમેરે કે બોસ આપણે તો બધાને ભગત જ ગણીએ છીએ...

● હવે આનાથી વિપરીત બીજી વાત કરું તો કોઈપણ વ્યક્તિ પોતાની સોસાયટીમાં, ફ્લેટમાં કે ગામમાં રહેતા હોય તો પોતાના ઘેર કે ફળિયામાં જો એક બે વાર કોઈ ધાર્મિક તહેવાર સંદર્ભમાં રાત્રે ભજનનું આયોજન કરાવે તો પછી એમના પડોશીઓ કે મિત્રો એમને 'ભગત' કહીને જ બોલાવવાનું શરું કરી દે છે... "આવો ભગત " " કઈ બાજુ ચાલ્યા ભગત, આવતી જન્માષ્ટ્રમીએ ભજનનો જોરદાર કાર્યક્રમ થવો જ જોઈએ હોં..." " અલ્યા ભગતાંણી ઘરમાં છે કે નહિ ?? કહું છું આ હવાર હવારમાં ભગત ક્યાં નીકળી ગયા ?"

● બોલો આવા લોકોને શું કહીએ ? કોઈ વ્યક્તિ સૌજન્યની ભાવનાથી રસ લઈને પોતાની સોસાયટીમાં, ફળિયામાં કે ગામના મંદિરમાં ભજનનો કાર્યક્રમ સરસ રીતે કરાવે તો બદલામાં એની પ્રશંસા તો ખાસ કોઈ કરતું નથી પણ એમને 'ભગત' એવું નવું નામ આપી દે છે અને આટલું ઓછું હોય એમ એમનાં પત્નીને પાછુ વધારામાં ભક્તાણી કહેવાનું શરું કરી દે છે.....!!! ભગત કે ભક્તાણી એ કંઈ ખરાબ શબ્દો નથી પણ મને બરાબર ખબર છે કે બહુ ઓછા લોકો આ સંબોધન નિખાલસતાથી સ્વીકારી શકે છે.....

● આમ તમે જોશો તો 'ભગત' એક સારો અને સાત્વિક શબ્દ હોવા છતાં લોકો એનો પ્રયોગ એવી રીતે કરે છે કે સામેની વ્યક્તિને ખીજવવા માટે જાણે ભગત ના કહેતા હોય...

● આમાં એક નવું પરિમાણ ત્યારે ઉમેરાય છે જ્યારે આવી ભગત ન હોવા છતાં ભગત તરીકે સંબોધાતી વ્યક્તિને આકસ્મિક રીતે જ ક્યાંક ચક્કર આવી જાય ને એ કદાચ લથડિયું ખાઈ બેસે તો પછી એ વાતનું વતેસર લોકો ગજબનું કરે છે.....ને એ સમાચાર ફેલાતા ફેલાતા એ ભાઈને ભગત હોવા છતાં છાંટાં પાણી તો કરતા નથીને ? એવી શંકા સુધી લઈ જાય છે બોલો.....

● અલ્યા એ તો ભગત જેવો દેખાય બાકી એનાં કામ કોઈ ચોરને ય શરમાવે એવાં છે હોં, એટલે તો એમને કોઈ ભગત કહીને બોલાવે તો એ કેવા રાજી થઈ જાય છે ?

● જોયું ને કેવી લાગી આ ભગત સંબોધનની વાત ? તમે કશું સાંભળ્યું હોય તો મને જણાવજો જરૂર.

- 9898409053 anantpatel135@yahoo.com)

માતા, કુમાતા થાય ના....

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હે મા ! મને આમાનું કશું આવડતું નથી. મંત્ર, યંત્ર, સ્તુતિઓ, આવાહનં, સ્તુતિની કથાઓ, મુદ્રાઓ, અથવા વિલપનો.. પરંતુ મને આટલી ખબર છે. જો હું તારું શરણ લઉં. તો દુઃખ દૂર થઈ જાય. (૧)

સૌ કોઈનો ઉગારનારી હે કલ્યાણી ! મને વિધિઓનું અજ્ઞાન, સંપત્તિનો અભાવ અથવા આળસ છે. તેથી મારાથી પૂજાની વિધિ શક્ય બની નહિ અને તારી સેવાઓ ઉણપ રહી ગઈ. પરંતુ પુત્ર ભલે કુપુત્ર થાય, માતા કયારેય કુમાતા થતી નથી. (૨)

અરે માડી ! આ દુનિયામાં તારે તો ઘણા સર પુત્રો હશે. પરંતુ તારો આ પુત્ર તો એકદમ ઉદ્ધવ છે. તેમ છતાં ઓ કલ્યાણી! તું મારો ત્યાગ કરે, એ તને યોગ્ય નહિ લાગે. પુત્ર તો કુપુત્ર થાય, માતા કયારેય પણ કુમાતા ન થાય (૩)

હે દુનિયાભરની માવડી ! મેં કયારેય તારાં ચરણો સેવ્યાં નથી. હે દેવી ! મેં તને દાનમાં એટલું ધન પણ આપ્યું નથી. તો પણ તું મને અટળખ સ્નેહ કરે છે. પુત્ર ભલે કુપુત્ર થાય. માતા કયારેય કુમાતા ન થાય. (૪)

બીજા બધા દેવોની મેં વ્યાકુળતાથી સેવા કરી, અને પછી છોડી દીધા. આમાં મારા પંચાશીથી વધુ વરસ વેડફાઈ ગયા. હે ગણેશ જનની ! હવે જો મારા ઉપર તારી કૃપા ન થાય, તો આધાર વગરનો હું કોને શરણે જાઉં ? (૫)

હ માતા અર્પણા ! જો કોઈના કાનમાં તારા મંત્રો પડી જાય, તો એ આવું ફળ પામે - જડમતિ પણ સુમધુર વાણી સાથે ઉત્તમ વક્તા થઈ જાય. દરિદ્ર પર કરોડોની સંપત્તિ પામીને સુખી થઈ જાય. તો પછી કોઈ માણસ ખરેખર જપ કરે તો એને કેટલું ફળ મળે ? એ એના સિવાય કોણ જાણી શકે ?(૫)

સ્મશાનની ભસ્મનો લેપ, વિષપાન, દિગંબરતા, જટા ધારણ, કંઠમાં સર્પરાજ, પશુપતિ, ખોપરીધારણ, ભૂતનાથ, આ બધું હોવા છતાં એ જગતના સ્વામીનું સ્થાન પામ્યા છે. તે હે ભવાની ! તારી સાથે વિવાદ થયો છે, એનું આ પરિણામ છે. (૬)

હે શશિવદના ! મને મોક્ષની ઈચ્છા નથી, મારે સંપત્તિ પણ ન જોઈએ. મને કોઈ વિશેષ જ્ઞાનની આશા નથી. મારે કોઈ સુખ ન જોઈએ. હે મા ! મારી તો આ જ માગણી છે - કરુણામયી, રુદ્રાણી, શિવ, શિવ, ભવાની - આ રીતે જપ કરવા માં મારું આયુષ પયાસ થઈ જાય.

હે શ્યામા ! કોઈ પણ પ્રકારની વિધિથી મેં તારી આરાધના કરી નથી. ઉલ્ટું દુષ્ટ વિચારોથી મારી વાણી ભરી દીધી. મેં શું નથી કર્યું ? હું અનાથ છું, ત્યારે તું થોડી પણ દયા મારા ઉપર કર, તો મને એ યોગ્ય થશે, તું તો મારી મા છો. (૯)

હે દુર્ગા ! હે દયાળુ ! હું આપત્તિમાં ડૂબ્યો હોઉં, ત્યારે જ તને યાદ કરું છું, આ મારી દુષ્ટતાને તું મનમાં ન લેતી. ભૂખ્યાં તરસ્યાંને તો માવડી જ યાદ આવે. (૧૦)

હે જગજ્જનની ! તુ મારા પર અપરંપાર દયા વરસાવે, - તો એમાં નવાઈ શું છે ! હે મા ! દીકરો અપરંપાર અપરાધો કરતો હોય - તો પણ એની અવગણના માતા કયારેય ન કરે (૧૧)

મારા જેવો પાપીયો કોઈ નથી. તો તારા જેવી પાપ હણનારી કોઈ નથી. હે મહાદેવી ! આટલું સમજી લીધા પછી, તને જે યોગ્ય લાગે, તે કરજે.

(દેવી - અપરાધ - ક્ષમાપન)

સાંયાજી ઝુલા: મહાભારતના સંજય જેવી ચૈતસિક શક્તિ ધરાવતા ચારણ સંત

પ્રસંગસર
સતીપ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

કહેવાય છે કે સાંયાજી ઝુલા એ ભગવાન કૃષ્ણનો એક અંશ હતા. જેમની ખ્યાતિ શ્રી કૃષ્ણ ભક્ત અને કૃષ્ણને કેન્દ્રમાં રાખી રચાયેલ ભક્તિકાવ્ય તેમજ ચારણ સાહિત્યનું ઊજળું દર્શન ' નાગદમણ 'અને 'રુકમણિ હરણ' ના રચયિતા અને સમર્થ કવિ તરીકે આખા ગુજરાત , રાજસ્થાનમાં ફેલાયેલ છે. સાંયાજી ઝુલા સંવત ૧૬૩૨ ભાદરવા વદ નોમના દિવસે ઈડર તાલુકાના લીલછા ગામે શિવભક્ત પિતા સ્વામીદાસજીના સંતાન રૂપે અવતરેલા. પિતાની શિવ ઉપાસનાની પરંપરા પુત્રમાં ઉતરેલી. ભવનાથ મહાદેવના દર્શન એ એમનો નિત્યક્રમ હતો. જેને લીધે તેમને ચિત્તમાં ભૂત-ભવિષ્ય-વર્તમાનનું જ્ઞાન થવા લાગેલું. આ જ્ઞાન તેમને કોઈ વાર ગેબી અવાજના રૂપમાં, કોઈ વાર જાગ્રત કે સ્વપ્નમાં કે કોઈ વ્યક્તિના દેખાવ સાથે જોડાયું. અને આકાશવાણી કે દિવ્ય દર્શનને નામે ઓળખાયું છે. એવામાં સાંયાજીને ગૂઢ આધ્યાત્મિક પ્રકૃતિના દર્શન કરાવવા સાધુ ગોવિંદદાસજી જેવા સમર્થ ગુરુએ દીક્ષા આપી.

એક કરતાં વધુ શરીરમાં પ્રગટ થવાની શક્તિ અને તેનો બે ભિન્ન ભિન્ન સ્થળે સરખો અનુભવ થવાનો ચમત્કાર પતંજલિના યોગ સુત્ર -૨૪-૨૯૧માં પણ દર્શાવેલ છે. મહાભારતના સંજય પણ યુદ્ધ મેદાનની ઘટનાઓને ધૃતરાષ્ટ્રની સમક્ષ બેસીને તેનું તાદ્રશ વર્ણન કરતા હતા. સાંયાજી ઝુલા પણ આવી ચૈતસિક શક્તિ ધરાવતા હતા. તેમનું જીવન યોગમય અને કૃષ્ણ ભક્તિને સમર્પિત હતું. અને તેથી જ ઈડરની રાવ કલ્યાણમલજીની રાજસભામાં ચૈતન્યની એ અવિચળ ભૂમિકામાં આવી પોતાના બે હાથ મસળવા લાગે છે અને જાણે રાખના લીધે હાથ કાળા થાય તેમ તેમના હાથ કાળા થઈ ગયા. રાજાએ આ બાબતે પૂંછતાં એક યોગીની ભૂમિકામાં સ્થિર થયેલા એવા સાંયાજી પોતાના બાહ્ય પ્રાગટ્યને સંયમમાં રાખી બોલ્યા કેઃ ' દ્વારકાના દેવળના દેવના વરણાગી વાઘા સળગ્યા હતા તે ઓલવવા હાથ મસળેલ.' "માનસવિદ્યા-વિજ્ઞાન" માં દૂરદર્શન (્રીઝ્રીદૈ્રૈહ)ની શક્તિ છે તેનો દાર્શનિક પ્રયોગ રોયલ યુનિવર્સિટીમાં માનસશાસ્ત્રના પ્રોફેસર ડૉ.ગેસેપ્પે કાલીગારીસે કરેલ. તેમણે આજ્ઞાંકિત માણસના શરીરના ચોક્ક્સ ભાગોને દબાવ્યા પરીણામ એ આવ્યું કે તે માણસની દિવાલની બીજી બાજુએ બેઠેલા જે માણસો અને પદાર્થોની ઝીણામાં ઝીણી વિગતો સાથે વર્ણન કરી શક્યા હતા. આમ, શરીરના અમુક ભાગોને આ રીતે પ્રક્ષુબ્ધ કરવામાં આવે તો માણસો ઘણે દુરથી પદાર્થો જોઈ કે અનુભવી શકે છે. સાયાંજીમાં આ શક્તિ હતી.

ભાગવતકારો ચારણોને વિરાટ- ભગવત સ્વરૂપના અંશ કહે છે. તેમણે શ્રી કૃષ્ણની સ્તુતિઓ ગાઈ છે અને તેમના નિર્વાણ પ્રસંગમાં હાજરી આપેલ છે. સાંયાજી ઝુલા પણ એનો એક અંશ હતા. સામાન્ય સંજોગોમાં તેઓ મર્ત્યે અને ક્ષણભગુંર જીવ હતા પરંતુ દિવ્ય સ્વરૂપમાં તેઓ એક રૂપે દ્વારકાના દેવતા સમક્ષ પહોંચી જતા અને બીજા રૂપે ઈડર નજીકના કુવાવામાં રહેતા.

કુવાવાના પાદરમાં એક દિવસ ભગવાને પોતાની દિવ્યલીલાનું આલેખન કરતાં સાંયાજી રચીત 'નાગદમણ' અને 'રૂક્ષ્મણી હરણ' ની કદરરૂપે સોના-મહોરની ગુણ ભરેલી સાંઢણી મોકલી. સાંઢણી આવીને ઉભી રહે છે. પણ મોહ અને માયાથી પર એવા સાંયાજી માળા ફેરવતા ફેરવતા ભગવાન સાથે નિર્વિકલ્પ સમાધિસ્થ હતા. કાગબાપુએ કહેલું છે કે.:

માયા અને મમતા તણા
જેને રુદિયે ન લાગ્યા રોગ;
એ સંત સમરવા જોગ, દિ'
ઊગ્યામાં કાગડા.

આવા સંતે બબ્બેવાર સાંઢણીને રવાના કરી દીધી. પણ સાંઢણી પાછી આવી ત્યારે તેમની નજર એની ડોકમાં બાંધેલ તામ્રપત્ર ઉપર પડી. ભગવાન દ્વારા કદરરૂપે મોકલેલ પ્રસાદી પામી તેઓ ધન્ય થઈ ગયા અને સાંઢણી પણ ત્યાંને ત્યાં જ અદ્રશ્ય થઈ ગઈ પરંતુ સાંઢણીના પદચિહ્ન આજે પણ કુવાવા ખાતે આ વાતની સાક્ષી પુરે છે.

સંત તો અનંત યાત્રાનું એક નામ છે. પોતાનો દેહોત્સર્ગ નજીકમાં જણાતાં સાંયાજી જયારે અનંત યાત્રા માટે વ્રજ તરફ પ્રયાણ કર્યું ત્યારે તેમણે સમાજને દારૂ અને માંસ મદિરાથી અળગા રહી પોતાનો ધર્મ નિભાવવાના આધ્યાત્મિક બીજ પોતાનામાં અકુંરિત કરવાની શીખ આપેલ. સમાજ ' શું કીધું અને શું કામ કીધું, એમાં બહુ ન પડી એને ભરોસે રહી ' સાંયાજી ઝુલાના ભક્ત કરતાં અનુયાયી બની તેમનું નામ જપ કરીયે તો ભીતરી શુચિતા માટે ' રામ ચરિત માનસ'માં કીધું છે તેમ જીભ અને જીવન અંદરથી શુધ્ધ બનશે. આ મહાન સંતે સંવત ૧૭૦૩ને શ્રાવણ સુદ બીજના દિવસે યમુનાજીમાં નિર્વિકલ્પ જળ સમાધી લીધી.

શાસ્ત્રોમાં કીધું છે કે દરેકના જીવનમાં એક સંત અને બુધ્ધ પુરુષના મુખમાંથી નિકળેલ એક શાસ્ત્ર હોવું જોઈયે. ચારણ સમાજ પાસે ઈશરદાસ અને સાંયાજી ઝુલા જેવા બબ્બે સંતો અને આપણી આસ્થાના કેન્દ્ર સમા હરિરસ અને નાગદમણ જેવા પુણ્ય પાઠ છે. જે આપણા આચાર વિચારનું રક્ષણ કરે છે, કુળની મર્યાદા અને લજ્જાને જાળવે છે.

આજે પણ કુવાવા ખાતે સાંયાજી ઝુલાનો ગઢ, ગોપીનાથજી મંદિર ગોખ અને તેનો માઢ, સાંઢ કુવો, સાંઢણીનું પદચિહ્ન અને લીલછામાં સાંયાજી ઝુલાના આરાધ્ય દેવ ભવનાથ મહાદેવ બિરાજેલ છે. તેમના દર્શનાર્થે જઈયે ત્યારે મનોજ ખંડેરિયાની એક કવિતાના અંશ યાદ આવે છે.:

તળેટી જતાં એવું લાગ્યા કરે છે;
હજી ક્યાંક કરતાલ વાગ્યા કરે છે.

સાંયાજીનું દૈવી જ્ઞાન અને તેમણે વાવેલ આધ્યાત્મિક બીજ આજે સમાજમાં અકુંરિત થઈ એક વટવૃક્ષ થવા જઈ રહેલ છે તેને અનુસરવાનો સમય છે ત્યારે દિલ સાહેબની એક ગઝલના શબ્દો :

જો પહેલે દિયા સો અબ મિલતા હૈ, ફરિયાદ ન કર, ફરિયાદ ન કર. કર નેક અમલ ઔર હર કો સિમર, ઉત્પાત ન કર, ઉત્પાત ન કર.

આવા બુદ્ધ પુરુષોએ વાવેલાના ફળો આજે આપણે ખાઈ રહ્યા છીયે ત્યારે તેમનું સમરણ કરવા દર વર્ષે તેમના પ્રાગટ્ય દિને કુવાવા ગામના સાંયાજી ઝુલાના વંશજો ડૉ. હિતેશભાઈ, અભેસિંહ, દિલીપ રતનદાન ઝુલા, આવડદાન ઝુલા, પ્રો. દિલીપભાઈ, વડિલો, યુવાનો, બેનુ-દિકરીઓ ભેગા મળી આવા પરમ તત્વની પાસે બેસી સાધના, આરાધના અને ઉપાસના કરે છે.

Mo. 94282 19031